શ્રી **<#M** /શૈલેષ મ. પરમાર/**M#>**(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે મહેસૂલ, શહેરી વિકાસ, ખેડૂત કલ્યાણ, સહકાર, આરોગય અને ઉદ્યોગ વિભાગની પૂરક માગણીઓ લઇને આવ્યાં છે તેના પર મારા વિચારો રજૂ કરું છું. આજે વિશ્વ વન દિવસ નિમીત્તે હું મારી શુભેચ્છાઓ પાઠવું છું. ખાસ કરીને માનનીય નાણામંત્રીશ્રી પૂરક માગણીઓ લઇને કેમ આવ્યાં? ખાસ કરીને વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યના નાણામંત્રીશ્રીએ ત્રીજી વખત આ વિધાનસભા ગૃહમાં રૂ.૩,૩૨,૪૬૫ કરોડનું અંદાજપત્ર રજૂ કર્યું હતું. વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજ મુજબ મહેસૂલી હિસાબની પુરાંત ૯,૮૨૧.૨૮ કરોડ રૂપિયા અને વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજે જે ૯૦૦.૭૨ કરોડ રૂપિયા પુરાંત દર્શાવી હતી. વર્ષ ૨૦૨૪-૨૫નું બજેટ રૂ.૩,૩૨,૪૬૫ કરોડ રૂપિયાનું હતું. તેમ છતાં પણ ૧૬,૨૯૦ કરોડ રૂપિયાની કાપ મૂકવા સાથે રૂ.૮,૦૯૫ કરોડની પૂરક માગણીઓ લઇને આજે વિધાનસભા ગૃહમાં આવ્યાં છે. મને પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે, બજેટમાં પુરતી રકમ ફાળવ્યાં પછી પણ સરકારને પૂરક માગણીઓ લઇને કેમ આવવું પડે છે? એક બાજુ સરકાર એમ કહે છે કે અમે બજેટમાં રૂ.૧૬,૦૦૦ કરોડ કરતા પણ વધારાની કાપ મૂક્યાં સાથે આ બજેટ રજૂ કરીએ છીએ અને બીજું બાજુ આ સરકાર ફરી પાછી પૂરક માગણીઓ લઇને આવે છે. માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે, મારાં વિધાનસભા ગૃહના અનુભવના આધારે કોઇ પણ પૂરક માગણી જ્યારે નાણામંત્રીશ્રી આ વિધાનસભા ગૃહમાં લઇને આવે છે એ એક વર્ષ દરમ્યાન થયેલી વધારાના ખર્ચની માગણીઓ કે જેની સરકારે બજેટમાં જોગવાઇ ના કરી હોય અને એ માગણીઓનો ખર્ચ કર્યો હોય એ આ વિધાનસભા ગૃહમાં રજૂ કરે છે એનો મતલબ એવો થયો કે વર્ષ ૨૦૨૪-૨૫માં બજેટ રજૂ કર્યા પછી સરકારે જે વધારાનો ખર્ચ કર્યો એ વધારાના ખર્ચ માટે સરકાર આ વિધાનસભા ગૃહમાં પૂરક માગણી લઇને આવી છે. પૂરક માગણી જ્યારે સરકાર લઇને આવી છે ત્યારે મારે નાણામંત્રીશ્રી પાસે એ જાણવું છે કે, આ પૂરક માગણી આખા વર્ષ દરમ્યાનની પૂરક માગણીઓ હોય છે. જ્યારે તમે પૂરક માગણીઓ લઇને આવ્યાં છો એ ફક્ત ૮ માસની પૂરક માગણીઓ લઇને આવ્યાં છો એ માનનીય મંત્રીશ્રી એમના ઉત્તરમાં જણાવે. કેમ કે, પૂરક માગણીઓ હંમેશા આખા વર્ષ દરમ્યાન થયેલા ખર્ચની વિગતો આ વિધાનસભા ગૃહમાં રજૂ કરવાની હોય છે છતાં આપ ૮ માસની જ કેમ પૂરક માગણીઓ લઇને આવ્યાં છો? એનો માનનીય મંત્રીશ્રી એમના ઉત્તરમાં જવાબ આપે. કારણ કે ૪ માસની જે બાકી રહેશે એ પૂરક માગણીઓનું શું? એ ખર્ચાઓનું શું? એ ગુજરાતની પ્રજાવતી એક વિપક્ષ તરીકે માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું. ખાસ કરીને સરકાર જે પૂરક માગણીઓ લઇને આવી છે એમાં મહેસૂલ વિભાગની કુદરતી આફતો માટેની માગણીઓ લઇને આવી છે. આપણે સૌ જાણીએ છીએ કે ખાસ કરીને કુદરતી આફતો આવે, પૂર આવે, વાવાઝોડું આવે, બીનમોસમી વરસાદ થાય એટલે સ્વાભાવિક છે કે ખડૂતોના ઊભા પાકને નૂકસાન થાય છે એટલે એ સરકાર પાસે રાહત માગે

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

છે અને સરકાર એને રાહત આપે છે. મને બરાબર યાદ છે કે, રાજ્યની અંદર કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાન મંત્રી પાક વીમા યોજના અમલમાં હતી જે હાલમાં બંધ છે અને ઉપરોક્ત ચાર વર્ષમાં ખેડૂતો પાસેથી લગભગ ૩૫ થી ૪૦ હજાર કરોડ રૂપિયા એ પાક વીમાની રકમ પેટે.૧૦,૦૦૦ કરોડ કરતા પણ વધારાની પાક વીમા યોજનાની રકમ એ લોકોએ ચૂકવેલ હતી.

UNEDITD VERSION - NOT FOR PUBLICATION

શ્રી શૈલેષભાઇ પરમાર : ક્રમશઃ

અને આજે પરિસ્થિતિ એવી છે કે ૧૦ ઓગસ્ટ, ૨૦૨૦ થી પ્રધાનમંત્રી પાક વીમા યોજના બંધ કરવામાં આવી છે અને એના લીધે આ રાજયના ખેડૂતોને બહુ મોટું નુકસાન થઇ રહ્યું છે. આજના પ્રસંગે જયારે માનનીય મંત્રીશ્રી પૂરક માગણી લઇને આવ્યા છે ત્યારે હું કોંગ્રેસ પક્ષ વતી એ માગણી કરું છું કે જે રીતે પ્રધાનમંત્રી પાક વીમા યોજના જે અમલમાં હતી, જે બંધ કરવામાં આવી છે સન ૨૦૨૦થી તો રાજય સરકાર દ્વારા પણ આ વખતે ગુજરાત સરકાર પણ મુખ્યમંત્રી પાક વીમા યોજના જાહેર કરે એવી કોંગ્રેસ પક્ષ વતી હું માગણી કરું છું. એનું કારણ છે આજે પણ સૌરાષ્ટ્રની અંદર કમોસમી વરસાદ અને વાવાઝોડાને લીધે આજે પણ ખેડૂતો એ સુરેન્દ્રનગર હોય, જુનાગઢ હોય, ગીર સોમનાથ હોય એ વિસ્તારોની અંદર આજે પણ ખેડૂતો રેલી દ્વારા કલેકટરશ્રીને પોતાની રજૂઆત કરતા હોય છે માટે માગણી કરું છું કે ગુજરાત સરકાર દ્વારા પાક વીમા યોજનાની જાહેરાત કરવામાં આવે એવી આજના પ્રસંગે હું માગણી કરું છું. માનનીય મંત્રીશ્રી ઉદ્યોગો અને ખાણ ખનિજની અને ખાસ કરીને ઉદ્યોગની માગણી લઇને આ વિધાનસભા ગૃહ તરફ આવ્યા છે, માનનીય મંત્રીશ્રી પાસેથી માગે એ જાણવું છે કે ખાસ કરીને ઉદ્યોગ ખાણની અંદર રાજય સરકાર દ્વારા જયારે સન ૨૦૨૪–૨૫નું બજેટ રજૂ કરવામાં આવ્યું ત્યારે એ બજેટની અંદર રાજય સરકાર દ્વારા ઉદ્યોગ અને ખાણ વિભાગની અંદર ૯૨૨૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ઉદ્યોગ અને ખાણ બન્ને વિભાગ હતા અને એની અંદર રાજય સરકારની ટેકસ્ટાઇલ નીતિ જે હતી એ ટેકસ્ટાઇલ નીતિને પ્રોત્સાહિત કરવા માટે ૧૬૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી હતી, ૧૬૦૦ કરોડની જોગવાઇ કર્યા પછી પણ માનનીય મંત્રીશ્રી આ વિધાનસભા ગૃહ તરફ પૂરક માગણી લઇને આવ્યા છે. ૪૨૪.૬૨ કરોડ રૂપિયાની પૂરક માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે અને પૂરક માગણી કેવી છે, ટેકસ્ટાઇલ ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન યોજના અંતર્ગત ગુજરાત ટેકસ્ટાઇલ પોલીસી ૨૦૧૯ તથા ટેકસ્ટાઇલ પોલીસી ૨૦૧૯ના કાર્યવાહી હેઠળ કલેમની ચૂકવણી માટે ૪૨૪.૬૨ કરોડ રૂપિયા લઇને આવેલા છે. એક બાજુ સરકારે ૧૬૦૦ કરોડ રૂપિયાની સહાય આપી અને બીજી બાજુ કલેમ જે લોકોએ કર્યો હશે એ લોકો માટે ૪૨૪.૬૨ લાખ રૂપિયાની માગણી લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે. બીજું મોટા કદના ઉદ્યોગો, સો ટકા રાજયની અંદર ઉદ્યોગો આવવા જોઇએ અને ઉદ્યોગો થકી લોકોને રોજગારી મળે પણ દુઃખ સાથે કહેવું પડે, મોટા મોટા ઉદ્યોગપતિઓને આ રાજય સરકાર દ્વારા તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે પણ એ સુવિધાઓના પરિણામ સ્વરૂપ ૮૫ ટકા જે રોજગારી સ્થાનિક યુવાનોને આપવી જોઇએ એ યુવાનોને રોજગારી મળતી નથી એ હકીકત છે. આજે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે આ સન ૨૦૨૪–૨૫ના બજેટની અંદર મોટા કદના ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે રૂ.૧૧૫૪ કરોડની જયારે જોગવાઇ આપે કરી હતી, મોટા ઉદ્યોગોની વાત કરું છું, નાના નહીં, મોટા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે રૂ.૧૧૫૪ કરોડની જોગવાઇ બજેટમાં કર્યા પછી પણ

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

૮૫૫ કરોડ રૂપિયાની પૂરક માગણી માનનીય મંત્રીશ્રી આ વિધાનસભા ગૃહની અંદર લઇને આવ્યા છે એટલે આપ સમજી શકો છો કે મોટા ઉદ્યોગો માટે રાજ્ય સરકારના દ્વાર કઇ રીતના ખુલ્લા છે અને શેના માટે? મોટા ઉદ્યોગોના કદના સહાયની યોજનામાં સહાયક પાત્ર એકમોને ચૂકવણી માટે માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે આપ જયારે આ પૂરક માગણી ૮૫૫ કરોડ રૂપિયાની લઇને આવ્યા છો એ કયા મોટા ઉદ્યોગોને તમે સહાય પેટે કેટલી રકમ ચૂકવી છે એ વિધાનસભા ગૃહની અંદર માનનીય મંત્રીશ્રી મૂકે એવી હું માગણી કરું છું. **ડીપસ્લીપ પ્રાઇમ** યોજના હેઠળ રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક વસાહતોમાં **.અં......**માટે **અં. .....** પાઇપલાઇન માટે ૪૪૦ કરોડ રૂપિયાની જોગવાઇ સન ૨૦૨૪–૨૫ના બજેટમાં કરવામાં આવી હતી. દુઃખ સાથે કહેવું પડે કે જોગવાઇ હતી રૂ.૪૪૦ કરોડની અને પૂરક માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ૫૦૭ કરોડ રૂપિયાની.

UNEDITD VERSION - NOT FOR PUBLICATION

શ્રી શૈલેષભાઇ પરમાર

શ્રી શૈલેષભાઇ પરમાર:(ક્ર) જે બજેટમાં જોગવાઇ કરતા પૂરક માગણી વધારે લઇને આવ્યા છે તો તમારું વહીવટી તંત્ર કયા પ્રકારનું ચલાવો છો કે બજેટ રજૂ કરો છો તો તમારી પાસે ગુજરાતના વિકાસ માટે, ઉદ્યોગ ડેવલપમેન્ટ માટે નકશો તમારી પાસે કલીયર હોય છે તેમછતાં પણ તમે જે બજેટ રજૂ કરો છો એ બજેટની રકમ કરતા પણ તમે જે પૂરક માગણી લઇને આવ્યા છો એનો આંકડો વધારે છે માનનીય મંત્રીશ્રી પોતાના જવાબમાં જવાબ આપે. રાજય સરકારમાં કોઇકને આપવાની વાત આવે કે ગરીબોને મકાન માટેની સહાય આપવાની વાત આવે ૧,૨૫,૦૦૦ અત્યારે સરકારે મકાનની સહાયમાં વધારો કર્યો છે. તમે ૧,૨૫,૦૦૦ની સહાય આપો એટલે ગરીબોનું મકાન બની જાય? ૧,૨૫,૦૦૦માં ગરીબોના મકાન બનતા નથી. પણ જે પૂરક માગણી માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ૧૭.૧૪ કરોડ રૂપિયાની. શું પુરક માગણી છે? રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી તથા રાજયપાલશ્રીના સરકારી કામકાજના અર્થે જરૂરી ઉડ્ડયન પ્રવાસ માટે તેમજ હાલનું રાજય સરકારનું હેલીકોપ્ટર મરામત હેઠળ હોવાને કારણે હેલીકોપ્ટરનું બીલ ચૂકવવા માટે ૧૭.૧૪ કરોડ રૂપિયાની માગણી લઇને આવેલા છે. ગરીબ માણસ માગે તો ૧,૨૫,૦૦૦માં એનું મકાન ન બને. તેમછતાં પણ સરકાર સહાય કરે છે અને આની પાછળ આ ખર્ચ કરવામાં આવ્યો છે ખાસ કરીને એરપોર્ટ, કાર્ગોની કામગીરી અને એરપોર્ટને કાર્યરત કરવાના ખર્ચ પેટે રૂ. ૨૪.૩૬ કરોડ આ રાજય સરકારે ચૂકવેલા છે. માનનીય મંત્રીશ્રી એમના જવાબમાં એ પણ જવાબ આપે કે કયા કયા કાર્ગોના પુરાણમાં, કયા કયા એરપોર્ટના કામકાજની અંદર કઇ કઇ જગ્યાએ હેલીપેડ બન્યા? અને હેલીપેડ બનાવવા માટે થયેલો ખર્ચ એ રાજય સરકાર, મંત્રીશ્રી આ વિધાનસભા ગૃહમાં રજૂ કરે એવી માગણી હું કરું છું. માનનીય મંત્રીશ્રી અન્ય માગણી લઇને આવેલા છે. ખાસ કરીને શહેરી વિકાસના મંત્રીશ્રી માગણી લઇને આવેલા છે. માનનીય મંત્રીશ્રી શહેરી વિકાસના ૨૦૨૪-૨૫ના બજેટમાં રૂ. ૨૧૬૯૬ કરોડની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણની અંદર જોગવાઇ કરવામાં આવી છે અને જોગવાઇની અંદર સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજના થકી શહેરી વિસ્તારના માળખાઓની સગવડ માટે ૮૬૩૪ કરોડ રૂપિયાની ૨૦૨૪-૨૫ના બજેટમાં જોગવાઇ કરવામાં આવી હતી અને એ જોગવાઇની સામે ખાસ કરીને શહેરોને કઇ રીતે સરકાર, આ વખતે સરકાર શહેરોના વિકાસ માટેનું વર્ષ તરીકે લઇને આવ્યા છે. સરકાર હંમેશા બે રીતે જુએ. બંનેની આંખો સરખી હોવી જોઇએ કે ગ્રામ્ય એકબાજુ છે. બીજીબાજુ શહેરી વિકાસ છે. સરકાર યોજના લઇને આવી હોય કે આ વખતે ગ્રામ્ય વિકાસ યોજનાના અનુસંધાનમાં વર્ષ ઉજવવા જઇ રહ્યા છીએ. એના અનુસંધાનમાં સરકાર લઇને આવી હોત તો ૧૦૦ટકા અમે સરકારને સમર્થન પણ કરી શકતા હતા. રાજય સરકારની જે નીતિ છે ખાસ કરીને જે મહાનગરપાલીકાઓની અંદર થાપણો છે એ થાપણોના વ્યાજ પેટે રૂ. ૨૦ કરોડ કરતા પણ વધારે રકમ સરકારશ્રી ચૂકવવા જઇ રહી છે. વધારાની પૂરક માગણી લઇને આવી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૮૦.૯૭ કરોડ રૂપિયા ઓલરેડી ૮૬૩૪ કરોડ રૂપિયાની જોગવાઇ કર્યા છતાંપણ સરકાર બીજા ૮૦.૯૭

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

કરોડ રૂપિયાની પુરક માગણીની જોગવાઇ લઇને આવી છે. એવી રીતે મહાનગરપાલિકાઓની સુવિધા માટે રૂ. ૭૫.૧૨ કરોડની લઇને આવી છે. મારે સરકાર પાસેથી એ જાણવું છે કે મહાનગરપાલિકાનો પ્રાથમિક શિક્ષણ ઉપકર અને નગરપાલિકાના પ્રાથમિક શિક્ષણ ઉપકરની પાછળ રાજ્ય સરકારે ઓછામાં ઓછા રૂ. ૭૫ કરોડ કરતા પણ વધારેની રકમ જયારે ચૂકવી છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે પૂરક માગણીઓ લઇને આવ્યા છે એ સરકારનો અણઘડ વહીવટ, સરકારની પારદર્શિતાના કારણસર બજેટ આપ્યું હોવાછતાંપણ પુરાંત હોવાછતાં પણ  બજેટમાં કાપ હોવાછતાં પણ આજે રાજ્ય સરકાર જે પૂરક માગણીઓ લઇને આવી છે એ પૂરક માગણીઓમાં ખાસ કરીને મતપાત્ર જે માગણીઓ છે એ રૂ. ૭૭૫૨.૮૦ કરોડ થાય છે. માનનીય મંત્રીશ્રી હમણા જે મેં પ્રશ્નો પૂછ્યા છે એનો જવાબ આપે પછી પૂરક માગણીઓમાં અમારે સમર્થન આપવું કે કેમ એ અમે વિચારીએ. આભાર.

UNEDITD VERSION - NOT FOR PUBLICATION

શ્રી શૈલેષભાઈ પરમાર